કચેરી :- ૦૨૬૧-૨૪૫૫૩૦૧ થી ૨૪૫૫૩૦૪
અધ્યક્ષશ્રી :- ૦૨૬૧-૨૪૨૦૩૨૦
શાસનાધિકારી : (ઓ) ૦૨૬૧-૨૪૨૦૩૨૨
ઈ-મેઈલ :- msbsmc@gmail.com
વેબસાઈટ :- www.municipalschoolboardsurat.org

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

ગોપીપુરા, પારસીવાડ, સુરત. - ૩૯૫૦૦૧

જાવક નં :- ૪૯૯૩ તા. ૧૭/૦૯/૨૦૧૯

પ્રતિ,
મુ.શિ./આચાર્યશ્રી,
તમામ શાળા,
ન.પ્રા.શિ.સ.સુરત.

વિષય :- "સ્વચ્છતા એ જ સેવા" અંતર્ગત "પ્લાસ્ટિક મુકત ભારત" પર રાષ્ટ્રપિતા મહાત્માં ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતીનાં ભાગરૂપે તા-૧૧/૦૯/૨૦૧૯થી તા-૨૭/૧૦/૨૦૧૯ સુધી સ્વચ્છતા અભિયાન યોજવા બાબત. થીમેટ્રીક ડ્રાઇવનું આયોજન કરવા બાબત.

જત ઉપરોકત વિષયનાં અનુસંધાનમાં જણાવવાનું કે, ભારત સરકારશ્રીનાં આવાસ અને શહેરીકાર્ય મંત્રાલય દ્વારા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત વિવિધ સ્વચ્છ થીમેટ્રીક ડ્રાઇવનું આયોજન કરવામાં આવે છે.શ્રી વી.એન. જોષી.સેકશન અધિકારી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરનાં પરિપત્ર નં.સભમ/૧૩૨૦૧૯/યુઓઆર-૧૫/થ.૧ તા.૦૫/૦૯/૨૦૧૯નાં અનુસંધાને "સ્વચ્છતા એ જ સેવા" અંતર્ગત "સીંગલ યુઝ પ્લાસ્ટીક મુકત ભારત" વિષય પર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી જન્મ જયંતીનાં ભાગ રૂપે તા-૧૧ મી સપ્ટેમ્બર,૨૦૧૯ થી ૨૭ ઓકટોબર ૨૦૧૯ દરમ્યાન ગુજરાતનાં તમામ શહેરી વિસ્તારમાં "સ્વચ્છતા હી સેવા-૨૦૧૯" થીમેટ્રીક ડ્રાઇવનું આયોજન કરવા જણાવેલ છે.

ઉકત વંચાણે લીધા અ.સ.પત્રથી ૨ જી ઓકટોબર ૨૦૧૯,મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણીનાં ભાગરૂપે તમામ મહાનગરપાલિકા,નગરપાલિકાઓ,,શહેરી/વિસ્તાર વિકાસ સત્તામંડળોએ પોતાનાં શહેરમાં મોટાપાયા પર નાગરિકોને જોડી જનજાગૃતિ અભિયાન સ્વરૂપે, શ્રમદાન, ક્લિન એન્ડ ગ્રીન ડ્રાઇવ, સ્વચ્છતા શપથ, સ્વચ્છતા રેલી, પ્લાસ્ટીક કચરાનું એકત્રીકરણ, જેવી પ્રવુતિઓનું ત્રણ ભાગમાં આયોજન કરવા જણાવેલ છે. જે અન્વયે આ સાથે જોડેલ પત્રક મુજબનું આયોજન તમામ મહાનગરપાલિકા, નગરપાલિકાઓ અને શહેરી/વિસ્તાર વિકાસ સત્તામંડળોએ કરવા જણાવેલ છે.

"સ્વચ્છતા હી સેવા-૨૦૧૯" પ્રવૃતિઓની કામગીરી પહેલાનાં/કામગીરી પછીનાં ફોટોગ્રાફ /વિડિયો Swachhbharat.my.gov.in પર અપલોડ કરવા તથા પ્રવૃતિઓમાં સામેલ થવા નાગરીકોની સંખ્યા સાથે કામગીરી પહેલાનાં તથા કામગીરી પછીનાં ફોટોગ્રાફ / વિડિયોનો દૈનિક રીપોર્ટ sbmu.gujarat@gmail.com પર અપલોડ કરવાની હોય આ સાથે સામેલ રીપોર્ટીંગ ફોર્મેટ SBM Cell માં સાંજે ૪=૦૦.વાગ્યા સુધીમાં રજુ કરવાનો રહેશે.જેની નોંધ લેશો.

શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
સુરત

સવિનય નકલ રવાના :-
મે.અધ્યક્ષશ્રી. ન.પ્રા.શિ.સ.સુરત.

## નોધ:–

આથી જણાવવાનું કે, ભારત સરકારશ્રીના આવાસ અને શહેરીકાર્ય મંત્રાલય દ્વારા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત વિવિધ સ્વચ્છ થીમેટીક ડ્રાઈવનું આયોજન કરવામાં આવે છે. શ્રી વી. એન. જોષી, સેકશન અધિકારી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરનાં પરિપત્ર ક્રમાંક નં.સભમ/૧૩૨૦૧૯/યુઓઆર–૧૫/થ.૧ તા.૦૫–૦૯–૨૦૧૯ ના અનુસંધાને "સ્વચ્છતા એ જ સેવા" અંતર્ગત " સીંગલ યુઝ પ્લાસ્ટીક મુકત ભારત " વિષય પર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી જન્મ જયંતીના ભાગરૂપે તા.૧૧ સપ્ટેમ્બર, ૨૦૧૯ થી ૨૭ ઓકટોબર, ૨૦૧૯ દરમ્યાન ગુજરાતના તમામ શહેરી વિસ્તારમાં "સ્વચ્છતા હી સેવા–૨૦૧૯" થીમેટીક ડ્રાઈવનું આયોજન કરવા જણાવેલ છે.

ઉપરોકત સંદર્ભ પત્રોમાં જણાવ્યા અનુસાર "સ્વચ્છતા હી સેવા–૨૦૧૯" થીમેટીક ડ્રાઈવ અંતર્ગત શહેરના કોર્પોરેટર, નાગરીકો, સ્વ–સહાય જુથો(SHGs), સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે રહીને સ્વચ્છતા સંદર્ભે સઘન જનજાગૃતિ અર્થે આ સાથે સામેલ પત્રક મુજબ સફાઈ અભિયાન હાથ ધરવા જણાવવામાં આવેલ છે. આ સફાઈ અભિયાન દરમ્યાન શહેરમાં મોટાપાયા પર નાગરીકોને જોડી જનજાગૃતિ અભિયાન સ્વરૂપે, શ્રમદાન, કિલન એન્ડ ગ્રીન ડ્રાઈવ, સ્વચ્છતા શપથ, સ્વચ્છતા રેલી, પ્લાસ્ટિક કચરાનું એકત્રિકરણ જેવી પ્રવૃતિઓ કરવા જણાવવામાં આવે છે. (પત્રક સામેલ છે)

"સ્વચ્છતા હી સેવા–૨૦૧૯" પ્રવૃતિઓની કામગીરી પહેલાના/કામગીરી પછીનાં ફોટોગ્રાફ/વિડીયો Swachhbharat.my.gov.in પર અપલોડ કરવા, તથા પ્રવૃતિઓમાં સામેલ થયા નાગરીકોની સંખ્યા સાથે કામગીરી પહેલાનાં તથા કામગીરી પછીનાં ફોટોગ્રાફ / વિડીયોનો દૈનિક રીપોર્ટ sbmu.gujarat@gmail.com પર અપલોડ કરવાની હોય આ સાથે સામેલ રીપોર્ટીંગ ફોર્મેટ મુજબ SBM Cell માં સાંજે ૦૪:૦૦ વાગ્યા સુધીમાં રજુ કરવાનો રહેશે.

U. C. D/
No.
DATE

નં.PHD/SBM/105
તા.૦૭–૦૯–૨૦૧૯

ડે.કમિશનર(હેલ્થ એન્ડ હોસ્પિટલ)
સુરત મહાનગરપાલિકા

ન.સા.રવાના : મા.કમિશનરશ્રી પ્રતિ... જાણ માટે.
ન.સ.રવાના : ઝોનલ ચીફશ્રી (તમામ ઝોન) પ્રતિ... જાણ માટે.
ન.રવાના : કાર્યપાલક ઈજનેરશ્રી (તમામ ઝોન) / આસી.કમિશનરશ્રી (UCD) / નાયબ આરોગ્ય અધિકારીશ્રી (તમામ ઝોન) / શાસનાધિકારીશ્રી (ન.પ્રા.શિક્ષણ સમિતિ) પ્રતિ... જાણ તથા અમલ કરવા માટે.

વ્હીવટ
11-9-19.

https://d.docs.live.net/861c34271cc6c0b1/Final PHE/gfc/1Nondh_Swachhta_H_Seva.docx

આવક નંબર એમ. એસ. બી. 5466
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ.
સુરત તા 13/9/2019

Scanned by CamScanner

"સ્વચ્છતા એ જ સેવા" અંતર્ગત "પ્લાસ્ટિક મુક્ત ભારત" વિષય પર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતીના ભાગરૂપે તા.૧૧/૯/૨૦૧૯ થી તા. ૨૭/૧૦/૨૦૧૯ સુધી સ્વચ્છતા અભિયાન યોજવા બાબત.

ગુજરાત સરકાર,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ સભમ/૧૩૨૦૧૯/યુઓઆર-૧૫/થ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૦૫/૦૯/૨૦૧૯

વંચાણે લીધાઃ-

સચિવશ્રી, આવાસન અને શહેરી કાર્ય મંત્રાલય, ભારત સરકાર, નવી દિલ્હીનો તા.૨૬/૦૮/૨૦૧૯ નો D.O.NO.૧૮/3/૨૦૧૯-SBM-III

પરિપત્રઃ-

માન.વડાપ્રધાનશ્રી દ્વારા ૧૫ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ લાલ કિલ્લાથી, ૨ જી ઓક્ટોબર ૨૦૧૯ ના રોજ પૂજ્ય મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતી નિમિત્તે સમગ્ર ભારતને "સીંગલ યુઝ પ્લાસ્ટિક મુક્ત ભારત" નાં જન આંદોલનની શરૂઆત કરવાનું આવાહન કરેલ છે.

૨. ઉક્ત વંચાણે લીધા અ.સ.પત્રથી ૨ જી ઓક્ટોબર ૨૦૧૯, મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણીના ભાગરૂપે તમામ મહાનગરપાલિકા, નગરપાલિકાઓ, શહેરી/વિસ્તાર વિકાસ સત્તામંડળોએ પોતાનાં શહેરમાં મોટા પાયા પર નાગરિકોને જોડી જનજાગૃતિ અભિયાન સ્વરૂપે, શ્રમદાન, ક્લિન એન્ડ ગ્રીન ડ્રાઈવ, સ્વચ્છતા શપથ, સ્વચ્છતા રેલી, પ્લાસ્ટિક કચરાનું એકત્રિકરણ, જેવી પ્રવૃત્તિઓનું ત્રણ ભાગમાં આયોજન કરવા જણાવેલ છે. જે અન્વયે નીચે મુજબનું આયોજન તમામ મહાનગરપાલિકા, નગરપાલિકાઓ અને શહેરી/વિસ્તાર વિકાસ સત્તામંડળોએ કરવાનું રહેશે.

| | | |
|---|---|---|
| ભાગ -૧ | ૧૧ સપ્ટેમ્બર થી ૧ ઓક્ટોબર ૨૦૧૯ | જનજાગૃતિ અભિયાનનું આયોજન |
| ભાગ -૨ | ૨ ઓક્ટોબર ૨૦૧૯ | જનજાગૃતિના ભાગરૂપે "શ્રમદાન" |
| ભાગ -૩ | ૩ ઓક્ટોબર થી ૨૭ ઓક્ટોબર ૨૦૧૯ | પ્લાસ્ટિક મુક્ત દિવાળીની ઉજવણીના ભાગરૂપે એકત્રિત કરવામાં આવેલ પ્લાસ્ટિકનો રીસાયકલ અને નિકાલ. |

Scanned by CamScanner

૩. "સ્વચ્છતા એજ સેવા" કાર્યક્રમ અંતર્ગત તા.૧૧ સપ્ટેમ્બર થી તા.૨૭ ઓક્ટોબર, ૨૦૧૯ દરમ્યાન "પ્લાસ્ટિક મુક્ત ભારત" કાર્યક્રમની પ્રવૃતિઓનું દરેક મહાનગરપાલિકા, નગરપાલિકા અને શહેરી/વિસ્તાર વિકાસ સત્તામંડળોએ નીચે મુજબ આયોજન કરવાનું રહેશે.

| ક્રમ | તારીખ | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧ | ૧૧/૦૯/૨૦૧૯ | તહેવારો અને જાહેર કાર્યક્રમો દરમ્યાન કટલરી, પાણીની બોટલ, પેપર, કન્ટેનર વિગેરે જેવા તમામ એક વખતમાં ઉપયોગમાં લેવામાં આવતા પ્લાસ્ટિક પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકવો. |
| ૨ | ૧૩/૦૯/૨૦૧૯ | પ્યાલા, બરણી/વાસણ ભંડારવાળાને પ્રોત્સાહન આપી જાહેર કાર્યક્રમોમાં પ્લાસ્ટિકની વસ્તુ આપવાનાં બદલે અન્ય વાસણ આપે તે માટે સમજણ આપવી. |
| ૩ | ૧૫/૦૯/૨૦૧૯ | પ્લાસ્ટીકનો કચરો એકત્રિત કરવા માટે પૂરતી માત્રામાં વાહનો છે કે નહિ તથા કચરો અધિકૃત પ્લાસ્ટિક વેન્ડર પાસે યોગ્ય રીતે રિસાઈકલ કે પ્રોસેસિંગ માટે જાય છે કે કેમ તેની ખાત્રી કરવી. |
| ૪ | ૧૭/૦૯/૨૦૧૯ | શહેરોમાં પ્લાસ્ટિક કચરાના વર્ગીકરણ અને પ્રોસેસિંગ માટે પુરતા પ્રમાણમાં મટીરીયલ રીકવરી ફેસેલીટી સેન્ટર (MRF) શરૂ કરવા. |
| ૫ | ૨૧/૦૯/૨૦૧૯ | FMCG (Fast-Moving Consumer Goods) ઉત્પાદક અને ઉપયોગકર્તા સાથે મીટીંગ યોજી આ કાર્યમાં EPR (Extended Producer Responsibility) નાં ભાગરૂપે જોડવા પ્રોત્સાહન આપવું. |
| ૬ | ૨૩/૦૯/૨૦૧૯ | અનૌપચારિક રીતે કામ કરતા રેગ પીકર્સ, કબાડીવાળાં અને રિસાઈકલરને શહેરની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વ્યવસ્થામાં જોડવા. |
| ૭ | ૨૪/૦૯/૨૦૧૯ | સ્થાનિક ભાષામાં પ્રચાર પ્રસાર માટે "પ્લાસ્ટિક મુક્ત" થીમ ઉપર ઓડિયો, વિડીયો બનાવવા તેમજ તેનો રેડિયો, ટીવી, પ્રિન્ટ અને સોશિયલ મીડિયાનાં માધ્યમથી પ્રચાર પ્રસાર કરવો. |
| ૮ | ૨૬/૦૯/૨૦૧૯ | NGO અને SHG ને જોડી ઘરમાંથી નકામા કપડા એકત્રીકરણની કામગીરી હાથ ધરવી ત્યારબાદ તેની યોગ્ય રીતે સફાઈ કરી બેગ બનાવીને નાગરીકો પ્લાસ્ટીકના બદલે કાપડની થેલીનો ઉપયોગ કરે તે માટે ઘરે ઘરે વિતરણ કરવું. |
| ૯ | ૦૧/૧૦/૨૦૧૯ | નાગરીકો અને તમામ પ્રકારની સંસ્થાઓને તહેવારોમાં ગીફ્ટ પેક કરવા / આપવા માટે પ્લાસ્ટિકના બદલે કપડાની થેલીનો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહન આપવું. |

Scanned by CamScanner

| | | |
|---|---|---|
| ૧૦ | ૦૨/૧૦/૨૦૧૯ | "પ્લાસ્ટિક મુક્ત ભારત" વિષય પર શાળા, કોલેજના વિદ્યાર્થીઓ, નાગરીકો, NGOs, SHG ગ્રુપ, RWAs (Residential Welfare Association), ખાનગી સંસ્થાઓને જોડી સ્વચ્છતા રેલી અને સ્વચ્છતા શપથનું આયોજન કરવું તથા તમામ સરકારી ઓફિસો, રહેણાંક વિસ્તારો, જાહેરક્ષેત્રનાં ઉપક્રમ જેવા તમામ સ્થળો પર "Single-Use Plastic" એક વખત ઉપયોગમાં લેવાતા પ્લાસ્ટિકનાં ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવો. |
| ૧૧ | ૦૩/૧૦/૨૦૧૯ | "પ્લાસ્ટિક મુક્ત ભારત" વિષય પર શાળા વિદ્યાર્થીઓ સાથે નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, ડ્રામા, શેરી નાટક વિગેરે જેવી ઇન્ટર સ્કુલ સ્પર્ધાનું આયોજન કરવું. |
| ૧૨ | ૦૫/૧૦/૨૦૧૯ | નાગરીકો સાથે સરકારી અધિકારી, NGOs, SHG ગ્રુપ, ખાનગી સંસ્થાઓ, ધર્મગુરુઓ, સ્વચ્છતા એમ્બેસેડરને જોડી તેઓને બેગ, લાકડી અને પ્લાસ્ટિક કચરો એકત્રિત કરવા માટે જરૂરી સાધનો આપી Plogging ડ્રાઈવ (ચાલતા ચાલતા કચરો ઉપાડવો) નું આયોજન કરવું. વધુ કચરો એકત્રિત કરનાર ગ્રુપને સ્થાનિક જાહેર કાર્યક્રમમાં સન્માનિત કરવા. |
| ૧૩ | ૦૭/૧૦/૨૦૧૯ | નાગરીકો અને NGOsને સાથે રાખી શહેરની તમામ જળ સંસાધનો જેવા કે નદી, નાળા, તળાવ, દરિયા કિનારો, રીવરફ્રન્ટ પર પ્લાસ્ટીકનો કચરો દુર કરવા માટે ડ્રાઈવ હાથ ધરવી. |
| ૧૪ | ૧૦/૧૦/૨૦૧૯ | શહેરના તમામ પ્રવેશ દ્વાર, દુકાનો, દરિયા કિનારાઓ અને વોટર બોડી પર પ્લાસ્ટિક કન્ટેનર / બોક્ષ અને પ્લાસ્ટિક રેપર પર પ્રતિબંધ મુકવો. |
| ૧૫ | ૧૨/૧૦/૨૦૧૯ | તમામ રેસ્ટોરન્ટ, હોટેલ ધારકોને ખાદ્ય પદાર્થોના પેકિંગ માટે ("Single-Use Plastic") એક વખત ઉપયોગમાં લેવાતા પ્લાસ્ટિકના બદલે "બાયોડીગ્રેડેબલ" પ્લાસ્ટીકના ઉપયોગ કરવા માટે પ્રોત્સાહન આપવું. |
| ૧૬ | ૧૫/૧૦/૨૦૧૯ | મ.ન.પા./ન.પા. સંચાલિત પ્લાસ્ટિક કલેક્શન સેન્ટર પર નાગરીકો દ્વારા પ્લાસ્ટિક આપવામાં આવે તેવા નાગરિકોને રોકડ રકમ અથવા અન્ય કોઈ રીતે પ્રોત્સાહન આપવું. |
| ૧૭ | ૧૮/૧૦/૨૦૧૯ | પ્લાસ્ટિક મુકત શહેર કઈ રીતે બની શકે તે વિષય ઉપર નાગરીકો માટે નિષ્ણાંતોના સહયોગથી સેમીનાર, વર્કશોપનું આયોજન કરવું. |
| ૧૮ | ૨૦/૧૦/૨૦૧૯ | ધર્મગુરૂઓ, સ્થાનિક વકતાઓને પોતાના પ્રવચનમાં વારંવાર પ્લાસ્ટીકના ઓછા ઉપયોગ માટે નાગરિકોને સમજણ આપવા પ્રોત્સાહન આપવું/જોડવા. |
| ૧૯ | ૨૨/૧૦/૨૦૧૯ | મહિનામાં ઓછામાં ઓછો એક દીવસ "પ્લાસ્ટિક મુકત" દિવસ તરીકે ઉજવાય તેવું આયોજન કરવું. |

Scanned by CamScanner

| | | |
|---|---|---|
| ૨૦ | ૨૭/૧૦/૨૦૧૯ | "પ્લાસ્ટિક મુક્ત" થીમ પર ઉત્તમ કામગીરી કરનાર નાગરિકો/ NGOs, SHG ગ્રુપ, RWAs (Residential Welfare Association), હોટેલ, બલ્ક વેસ્ટ જનરેટરને સન્માન આપવું. |

૪. ઉપર દર્શાવેલ કામગીરી ઉપરાંત મહાનગરપાલિકા, નગરપાલિકા, શહેરી/વિસ્તાર વિકાસ સત્તામંડળોનાં અધિકારીઓ, કર્મચારીઓ, નાગરીકો, NGOs, ખાનગી સંસ્થાઓ, વિદ્યાર્થીઓ, તેમજ અન્ય અગત્યના લોકોને જોડવા માટેની કામગીરી હાથ ધરવી. કાર્યક્રમ દરમ્યાન નીચેની માહિતી "સ્વચ્છ મંચ" પોર્ટલ પર અપલોડ કરવી.

(૧) જનજાગૃતિ કાર્યક્રમની વિગત ફોટોગ્રાફ્સ અને વિડીયો સાથે.
(૨) શ્રમદાનમાં ભાગ જોડાયેલ નાગરિકોની વિગત
(૩) પ્લાસ્ટિક વેસ્ટ એકત્રિત કર્યાની વિગત
(૪) પ્લાસ્ટિક વેસ્ટ રીસાઈકલ અને નિકાલ કર્યાની વિગત
(૫) પ્લાસ્ટિક વેસ્ટ પર પ્રતિબંધની વિગત

૫. 'સ્વચ્છતા એજ સેવા' પ્રવૃતિઓના કામગીરી પહેલાના/કામગીરી પછીના ફોટોગ્રાફ/ વિડીયો Swachhbharat.my.gov.in પર અપલોડ કરવા, પ્રવૃતિઓમા સામેલ થયેલા નાગરિકોની સંખ્યા સાથે કામગીરી પહેલાના અને કામગીરી પછીના ફોટોગ્રાફ/ વિડીયોનો દૈનિક અહેવાલ sbmu.gujarat@gmail.com પર મોકલી આપવાનો રહેશે.

૬. ઉપર મુજબની સૂચનાઓનો તમામ મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ અને શહેરી/વિકાસ વિસ્તાર સત્તામંડળો દ્વારા ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે. પ્રસ્તુત બાબતે મિશન ડાયરેક્ટરશ્રી, સ્વચ્છ ભારત મિશને મોનીટરીગ કરીને અમલીકરણ અંગે સઘન કાર્યવાહી કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વી. એન. જોષી)
સેકશન અધિકારી
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ.

નકલ રવાના:-

(૧) માન. રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી (પત્ર દ્વારા)
(૨) માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
(૩) માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
(૪) માન.મંત્રીશ્રીઓ (તમામ) ના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર

Scanned by CamScanner

(૫) માન. શ.ક.મંત્રીશ્રી(શ.ગૃ.નિ.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૬) મુખ્ય સચિવશ્રીના સંયુકત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૭) અધિક મુખ્ય સચિવશ્રી (શ.વિ.) ના રહસ્ય સચિવશ્રી, શ.વિ. અને શ.ગૃ.નિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૮) સચિવશ્રી(હાઉસિંગ) ના રહસ્ય સચિવશ્રી, શ.વિ. અને શ.ગૃ.નિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૯) વિભાગના તમામ અધિકારીશ્રીઓ / તમામ શાખાઓ.

(૧૦) કમિશ્નરશ્રી, નગરપાલિકા વહીવટ, ગુજરાત રાજય, ગાંધીનગર તરફ તમામ પ્રાદેશિક કચેરીઓ તેમજ તમામ નગરપાલિકાઓને પરિપત્રની નકલ પુરી પાડવાની વિનંતી સહ.

(૧૧) મહાનગરપાલિકાઓ (તમામ).

(૧૨) જીલ્લા કલેકટરશ્રીઓ (તમામ) તરફ કામગીરીની નિયમિત સમીક્ષા કરવાની વિનંતી સહ.

(૧૩) મિશન ડાયરેકટરશ્રી, સ્વચ્છ ભારત મિશન-ગુજરાત, ગાંધીનગર

(૧૪) પ્રાદેશિક મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ (તમામ)

(૧૫) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન, ગાંધીનગર

(૧૬) શહેરી/વિસ્તાર વિકાસ સત્તામંડળો (તમામ)

(૧૭) સીસ્ટમ મેનેજરશ્રી, શ.વિ. અને શ.ગૃ.નિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આ પરિપત્ર વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવાની વિનંતી સહ.

(૧૮) સિલેકટ ફાઈલ.

Scanned by CamScanner